“ડ્રાઈવીંગ સલામત તો જીવન સલામત”


અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૪.
ફોન, ફેક્સ નં. (૦૭૯) ૨૫૬૨૧૪૪૭
ઈ-મેલ : agtta.gujarat@yahoo.com

75, Sahjanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibag Road, Ahmedabad-380004.
Phone, Fax No. :- (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com

President :
SHRI VASANBHAI G. AHIR
(MLA-Anjar)
(M) 99250 25148

Acting President :
SHRI MAVJIBHAI B. DODIA
(Rajkot)
(O) 281-2481900
Fax : 281-2482186 (M) 99794 19191

Hon. Secretary :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 79-25712563-64 (R) 79-26632571
Fax : 79-25716584 (M) 98240 39477


રેફ. નં. : એજીટીટીએ/૨૦૧૩-૧૪/૨૧ — તા.૧૬-૦૭-૨૦૧૩

પ્રતિશ્રી,
**માન.શ્રી આનંદીબેન પટેલ**
માન.મંત્રીશ્રી માર્ગ મકાન વિભાગ
સ્વર્ણિમ સંકુલન, બીજે માળ, સચિવાલય,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**<u>વિષય : સ્ટેટ હાઈવે પર વસુલવામાં આવતા ટોલટેક્ષની નાબુદી અંગે</u>**

માનનીયશ્રી,

ઉપરોકત વિષયના અનુસંધાનમાં આપશ્રીનું ધ્યાન દોરવાનું કે રાજય સરકાર દ્વારા સ્ટેટ હાઈવેના નવિનીકરણ માટે ખાનગી કંપનીઓને કામ સોંપવામાં આવે છે. ત્યારબાદ જે તે રોડ પર રોડના વપરાશકાર પાસેથી ટોલટેક્ષ વસુલવાનો કરાર ૩૦ (ત્રીસ) વર્ષ માટે કરવામાં આવેલ છે. સદર કરાર દ્વારા નીચેના રોડ ઉપર કરવામાં આવેલ ખર્ચ તથા વસુલવા પાત્ર રકમ કરતા ઘણો વધારે ટોલ તા.૩૧-૦૩-૨૦૧૩ સુધીમાં વસુલાઈ ચુકયો છે. જે આર.ટી.આઈ. દ્વારા અધિકૃત રીતે પ્રમાણિત થયેલ છે. જેની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

| ક્રમ. | રોડ પ્રોજેકટનું નામ | કરવામાં આવેલ ખર્ચની રકમ રૂા. (કરોડમાં) | વસુલ કરવામાં આવેલ રકમ રૂા. (કરોડમાં) |
|---|---|---|---|
| ૧. | વડોદરા-હાલોલ રોડ પ્રોજેકટ | રૂા.૧૭૦.૯૪ | રૂા.૨૭૯.૧૯ |
| ૨. | અમદાવાદ-મહેસાણા રોડ પ્રોજેકટ | રૂા.૩૪૨.૦૦ | રૂા.૩૯૦.૮૬ |
| ૩. | બગોદરા-તારાપુર રોડ પ્રોજેકટ | રૂા.૧૦૦.૫૯ | રૂા.૧૩૩.૫૪ |

આમ સદર રોડ ઉપર વસુલવા પાત્ર રકમ કરતા ખુબ જ વધુ પ્રમાણમાં રકમ વસુલાઈ ગયેલ હોવાથી સદર વસુલાત બંધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ-મકાન વિભાગ, ગાંધીનગરને તા.૧૫-૦૬-૨૦૧૩ના પત્ર દ્વારા વિનંતી કરેલ. પરંતુ આજદિન સુધી તેમના તરફથી કોઈપણ જાતનો

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન
૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૪.
ફોન, ફેક્સ નં. (૦૭૯) ૨૫૬૨૧૪૪૭
ઈ-મેલ : agtta.gujarat@yahoo.com

Akhil Gujarat Truck Transport Association
75, Sahjanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibag Road, Ahmedabad-380004.
Phone, Fax No. :- (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com

| President : | Acting President : | Hon. Secretary : |
|---|---|---|
| SHRI VASANBHAI G. AHIR | SHRI MAVJIBHAI B. DODIA | SHRI MUKESHBHAI C. DAVE |
| (MLA-Anjar) | (Rajkot) | (Ahmedabad) |
| | (O) 281-2481900 | (O) 79-25712563-64 (R) 79-26632571 |
| (M) 99250 25148 | Fax : 281-2482186 (M) 99794 19191 | Fax : 79-25716584 (M) 98240 39477 |



પ્રતિસાદ ન મળતા ન્યાયોચિત નિર્ણય લેવા આપશ્રીને વિનંતી કરીએ છીએ. (પત્રની નકલ આ સાથે સામેલ રાખેલ છે.)

આ ઉપરાંત રાજય સરકાર દ્વારા રાજયમાં નોંધાયેલ વાહનો પાસેથી રોડટેક્ષ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં **સરેરાશ રૂા. ૨૧૦૦.૦૦ કરોડ (વાર્ષિક)** જેવી રકમ વસુલવામાં આવેલ છે. જે આર.ટી.આઈ. દ્વારા અધિકૃત રીતે પ્રમાણિત થયેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. રાજય સરકાર દ્વારા આટલી મોટી રકમ રોડટેક્ષ અંગે વસુલવામાં આવતી હોઈ તમામ સ્ટેટ હાઈવેનું નાવિન્યકરણ કરવાની નૈતિક ફરજ રાજય સરકારની રહે છે. આમ ઉપરોકત રોડ પરના તમામ ટોલપ્લાઝા બંધ કરી અન્ય કોઈ નવા રોડ ઉપર ટોલ વસુલ ન થાય તે મુજબ ન્યાયોચિત તાત્કાલીક નિર્ણયો લેવા આપશ્રીને વિનંતી. ગુજરાતની પ્રજાને અન્યાય ન થાય તે જોવા હાર્દિક અપીલ કરીએ છીએ.

તો ઉપરોકત બાબતે **અમારી સંસ્થાનું પ્રતિનિધિમંડળ આપને મળવા માંગે છે તો યોગ્ય તારીખ અને સમય આપવા મહેરબાની કરશોજી.**

આભારસહ

આપના વિશ્વાસુ,

માવજીભાઈ બી. ડોડીયા
(કાર્યકારી પ્રમુખ)

મુકેશભાઈ સી. દવે
(માનદમંત્રી)

સામેલ : ઉપર મુજબ